---

**રેગ્યુલર દાવા નંબર– ૧૬૫/૨૦૨૧ ના કામે આંક–૨૦૦ હેઠળ હુકમ**

---

(૧) આ કામના પ્રતિવાદી નં.૧ દ્રારા સી.પી.સી ઓર્ડર ૧૬, રૂલ–૧,૨ તથા રૂલ ૧(૩) હેઠળ હાલની અરજી આપવામાં આવેલી છે અને હાલની અરજી દ્રારા અરજીના પારા–૬ માં દર્શાવ્યા મુજબના જાહેર માહિતી અધિકારી શ્રી, મહાનગરપાલીકા, જુનાગઢ ને સાક્ષી તરીકે તપાસવા માટે સમન્સ ઈસ્યુ કરવા માંગણી કરેલી છે. જે અરજી રેકર્ડ પર હોય અને હાલનો હુકમ અરજી હેઠળનો હુકમ હોય, અરજીની હકીકતોનું અહી પુનરાવર્તન કરવામાં આવતુ નથી, પરંતુ તે હકીકતો નિર્ણય માટે વંચાણે લેવામાં આવે છે.

(૨) પ્રતિવાદી નં.૧ ની હાલની અરજી અંગે વાદી પક્ષ દ્રારા કોઈ લેખીત વાંધા રજુ કરવામાં આવેલા નથી, પરંતુ અરજીની સુનાવણી દરમ્યાન વાદીના વિ.વકીલશ્રી દ્રારા મૌખીક વાંધા લેવામાં આવેલા છે. જે વાંધામાં વાદી પક્ષ દ્રારા મુખ્ય રૂપથી એવા વાંધા લેવામાં આવેલા છે કે, આ કામના પ્રતિવાદી નં.૧ એ અગાઉ આંક–૭૧ થી પોતાનું સાક્ષી લીસ્ટ જાહેર કરેલ છે, જે સાક્ષી લીસ્ટમાં હાલની અરજીના સાક્ષીને દર્શાવેલા નથી. વધુમાં હાલની અરજીમાં દર્શાવેલા સાક્ષીને અગાઉ શા માટે દર્શાવેલા ન હતા તે અંગે હાલની અરજીમાં કોઈ કારણ દર્શાવેલ ન હોય, પ્રતિવાદી નં.૧ ની હાલની અરજી સી.પી.સી. ઓર્ડર ૧૬ રૂ.૧(૩) માં દર્શાવ્યા મુજબ, પુરતા કારણ દર્શાવતી ન હોય મંજુર થઈ શકે નહી. વાદી પક્ષ દ્રારા વધુમાં એવા વાંધા લેવામાં આવેલા છે કે, આ કામના પ્રતિવાદીએ અગાઉ પણ આંક–૧૯૫ થી શ્રીજી સ્ટીલના પ્રોપ્રાઈટર ને તપાસવા અરજી આપેલી હતી તે અરજી આ કોર્ટ દ્રારા સી.પી.સી ઓર્ડર ૧૬, રૂ.૧(૩) નું પાલન થતુ ન

હોવાથી રદ કરેલી છે, જે હકીકત પ્રતિવાદી નં.૧ ની જાણમાં હોવા છતા હાલની અરજીમાં દર્શાવેલા સાક્ષીને આંક–૭૧ ના સાક્ષી લીસ્ટમાં શા માટે દર્શાવેલા ન હતા તેનું કોઈ કારણ હાલની અરજીમાં દર્શાવેલ નથી. વાદી પક્ષ દ્રારા વધુમાં વાંધા લેવામાં આવેલા છે કે, આ કામના પ્રતિવાદી નં.૧ દ્રારા આંક–૧૯૫ થી પણ સાક્ષી તપાસવા અરજી આપવામાં આવેલી હતી, તે અરજીમાં પણ હાલના સાક્ષીને તપાસવા માટે માંગણી કરવામાં આવેલી નથી, જયારે કે પ્રતિવાદી તે અરજીમાં પણ પોતે તપાસવા માંગતા હોય તેવા તમામ સાક્ષીને તપાસવા તેમા પણ એક સાથે મંજુરી માંગી શકેલા હતો. વાદી પક્ષ દ્રારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, પ્રતિવાદી નં.૧ દ્રારા જયારથી માર્ક ૪૧/૧૫ થી ૪૧ /૧૯ ના દસ્તાવેજો રજુ કરવામાં આવેલા છે, ત્યારથીજ તે દસ્તાવેજો કેવી રીતે પુરવાર કરવા તે તેઓ જાણતા હોવા છતા, તે દસ્તાવેજ પુરવાર કરવા જરૂરી સાક્ષીને આંક–૭૧ ના લીસ્ટમાં દર્શાવેલા નથી. વાદી પક્ષ દ્રારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, હાલના દાવામાં વાદીનું બાંધકામ કાયદેસર છે કે કેમ તે અંગે કોઈ મુદો નિકળેલ નથી, જેથી વાદીના બાંધકામની કાયદેસરતા અંગેના સાક્ષીનો પુરાવો સુસંગત નથી. તેઓ દ્રારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, વાદી ચોખ્ખા હાથે આવેલા છે કે કેમ તે હકીકત અને સમન્યાયની હકીકત માત્ર દાવામાં માંગવામાં આવેલી દાદને ઘ્યાને લઈને નિર્ણીત કરવાની હોય છે, દાવાની દાદથી બહાર જતી સમન્યાયની હકીકત કોર્ટે ઘ્યાને લેવાની હોતી નથી. વાદી પક્ષ દ્રારા તે દલીલના સમર્થનમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્રારા Arunima Baruah Vs. Union of India, Civil Appeal 2205 of 2007 પર તથા તે ચુકાદામાં રીફર કરવામાં આવેલા ઈંગ્લેન્ડની કોર્ટ દ્રારા Moody Vs. Cox ના ચુકાદામાં ઠરાવેલા સિઘ્ધાંત પર આધાર રાખેલ છે.

(૩) પ્રતિવાદી નં.૨ પક્ષે એવી દલીલ કરવામાં આવેલી છે કે, આ કામના પ્રતિવાદી નં.૧ દ્વારા અગાઉ પણ પ્રતિવાદી નં.૨ સંસ્થાના કર્મચારીને તપાસવામાં આવેલા છે, જેથી વારંવાર પ્રતિવાદી નં.૨ સંસ્થાના સાક્ષીને તપાસવા પરવાનગી આપી શકાય નહી.

(૪) તમામ રજુઆતો અને કેસનું રેકર્ડ અને કાયદાની જોગવાઈ ધ્યાને લીધી. સર્વ પ્રર્થમ અરજીમાં દર્શાવેલા સાક્ષીના પુરાવાની હાલના દાવાના ન્યાયીક નિર્ણય માટે સુસંગતતા અંગે વિચાર કરવો આવશ્યક છે. જેથી તે અંગે વિચાર કરવા માટે પક્ષકારોના પ્લીડીંગ ધ્યાને લેવામાં આવેતો, વાદીનો દાવો મુખ્ય રૂપથી બે પ્લી પર આધારીત છે. (અ) આ કામના પ્રતિવાદીએ કાયદા મુજબ મંજુર થયેલા લે-આઉટ પ્લાન, મંજુરી અને નકશાથી વિરૂઘ્ધનું બાંધકામ સ્થળ પર કરેલ છે, જેથી આવુ બાંધકામ ગેરકાયદેસર છે. (બ) આવા ગેરકાયદેસરના બાંધકામના કારણે વાદીની મીલ્કતની બારીઓમાં હવા,ઉજાસનો તથા આકસ્મીક બનાવો ના કીસ્સામાં સલામતીના ઈઝમેન્ટરી રાઈટ પર વિપરીત અસર થઈ રહેલ છે. આમ, વાદીના દાવામાં ઈઝમેન્ટરી રાઈટના ભંગની પણ પ્લી છે ત્યારે આવો ઈઝમેન્ટરી રાઈટ કેવી રીતે ઉભો થયો ? આવો અધિકાર વાદી પક્ષના કાયદેસરના અને યોગ્ય કુત્ય કે બાંધકામ થી ઉભો થયેલો છે કે કેમ, તે અંગે વિચાર કરવો કોર્ટ માટે અનિવાર્ય છે. હાલના કેસમાં જોવામાં આવેતો, આ કામના પ્રતિવાદી નં.૧ દ્વારા પોતાના વાંધા જવાબમાં સ્પષ્ટ તકરાર લેવામાં આવેલી છે કે, આ કામના વાદીનું બાંધકામ પણ ગેરકાયદેસર છે અને વાદી ચોખ્ખા હાથે આવેલા નથી. જેથી આ કોર્ટ દ્વારા વાદીની આંક-૫ થી રજુ કામચલાઉ મનાઈ હુકમની અરજીનો નિર્ણય કરતા પુર્વ સુઓમોટુ હુકમ કરી વાદીને પોતાના બાંધકામની કાયદેસરના સ્પષ્ટ કરતા દસ્તાવેજો રજુ કરવા આદેશ કરવામાં આવેલો હતો. જે હુકમ અનુસંધાને વાદી પક્ષ દ્વારા માર્ક ૪૧/૧

અને ૪૧/૨ થી વાદીના બાંધકામની મંજુરનીનો આદેશ અને નકશો રજુ કરવામાં આવેલો છે. જે બન્ને દસ્તાવેજોને ટ્રાયલ દરમ્યાન આંક–૭૫ અને ૭૬ આપવામાં આવ્યા છે. જે પૈકી આંક–૭૫ થી રજુ બાંધકામ મંજુરી હુકમ ધ્યાને લેવામાં આવેતો, તેમા મંજુરી હુકમની તારીખ, તા.૩૦/૧૧/૮૧ દર્શાવવામાં આવેલી છે. પરંતુ સાથે સાથે પ્રતિવાદી નં.૧ દ્રારા પ્રતિવાદી નં.૨ સંસ્થા પાસેથી વાદીની બાંધકામ અંગેની માહીતી માંગવા કરવામાં આવેલી આર.ટી.આઈ અરજી અનુસંધાને પ્રતિવાદી નં.૨ દ્રારા આપવામાં આવેલ કામચલાઉ આંક–૧૬૮ મુજબના જવાબ મુજબ વાદીને તા.૩૦/૧૧/૮૧ ના રોજ કોઈ મંજુર અપાયેલનું રેકર્ડ પર નથી, તેવી માહીતી આપેલી છે. આમ, વાદીના બાંધકામની પરવાનગી અંગે રેકર્ડ પર બે વિરોધાભાષી અને વિસંગત દસ્તાવેજી પુરાવા રેકર્ડ પર છે. જેથી તે બાબત અંગે સ્પષ્ટતા થાય તે આવશ્યક છે.

વધુમાં હાલના દાવામાં વાદીનું બાંધકામ કાયદેસર છે કે કેમ તે અંગે આ કોર્ટે કોઈ સીધો નિર્ણય કરવાનો નથી કે તે અંગે કોઈ દાદ આપવાની નથી, તેમજ તે અંગેનો કોઈ મુદો પણ ઘડાયેલો નથી, પરંતુ આ કામના વાદીના દાવાની એક પ્લી પોતાના ઈઝમેન્ટરી રાઈટના ભંગની પણ છે ત્યારે આ કોર્ટે વાદીનો ઈઝમેન્ટરી રાઈટ કાયદેસર રીતે ઉભો થયેલો છે કે કેમ તે અંગે પણ વિચાર કરવાનો છે. તે સિવાય આ કામના વાદી સમન્યાયની દાદ માંગવા આવેલ છે ત્યારે વાદી પણ ચોખ્ખા હાથે આવ્યા છે કે કેમ ? તે કોર્ટે જોવાનું છે. વધુમાં હાલના કેસમાં પ્રતિવાદી નં.૧ નો સ્પષ્ટ બચાવ છે કે વાદીનું બાંધકામ કાયદેસર નથી ત્યારે વાદી ચોખ્ખા હાથે આવ્યા નથી તેવો બચાવ પુરવાર કરવા માટે પ્રતિવાદીને પુરાવો આપવા તકી આપવી આવશ્યક છે.

વધુમાં પ્રતિવાદી નં.૧ દ્રારા માર્ક ૪૧/૧૫ થી ૪૧/૧૯ થી રજુ કરવામાં આવેલા આર.ટી.આઈ અરજી અંગેના દસ્તાવેજી પુરાવાને પુરાવા અધિનીયમની જોગવાઈ મુજબ પુરવાર કરવાની શરતે આંક આપવામાં આવ્યા છે ત્યારે આવા દસ્તાવેજોના ઓથર

ને તપાસવાની અને આવા દસ્તાવેજો પુરાવા અધિનીયમની જોગવાઈ મુજબ પુરવાર કરી શકવાની પ્રતિવાદી નં.૧ ને તક આપવી અનિવાર્ય છે.

વધુમાં આવા સાક્ષીને તપાસવામાં આવે અને વાદી પક્ષને પણ આવા સાક્ષીની ઉલટ તપાસ કરવાની તક મળે તો તેનાથી વાદીના બાંધકામની પરવાનગી અંગેના બે વિરોધાભાષી દસ્તાવેજો અંગે સ્પષ્ટતા કરવાની વાદીને પણ યોગ્ય તક મળે તેમ છે. તેમજ તેનાથી સત્ય હકીકત રેકર્ડ પર આવવાથી સાચો અને અસરકારક ન્યાય થાઈ શકે તેમ છે.

આમ, ઉપરોકત ચર્ચા મુજબ સદર સાક્ષીને માર્ક ૪૧/૧૫ થી ૪૧/૧૯ ના દસ્તાવેજો અંગે પુરાવો રજુ કરવા બોલવવામાં આવે તો તેઓનો પુરાવો દાવાના યોગ્ય નિર્ણય માટે સુંસગત થઈ શકે તેમ છે.

**(૪.૧)** ત્યાર બાદ વાદી પક્ષના અન્ય વાંધાઓ અંગે વિચાર કરવામાં આવેતો, વાદી પક્ષનો એક મુખ્ય વાંધો એવો છે કે, આ કામના પ્રતિવાદી નં.૧ એ આંક–૭૧ થી સાક્ષી લીસ્ટ આપેલ છે, તે સાક્ષી લીસ્ટમાં હાલના સાક્ષીને દર્શાવેલા નથી. તેમજ તે સાક્ષીને કયા પુરતા કારણસર સાક્ષી લીસ્ટમાં દર્શાવેલા નથી તે અંગે હાલની અરજીમાં કોઈ કારણ દર્શાવેલ નથી. જેથી સી.પી.સી ઓર્ડર ૧૬ રૂ.૧ (૩) નું પાલન થતુ ન હોય સાક્ષી તપાસવા પરવાનગી આપી શકાય નહી. આ અંગે વિચાર કરવામાં આવેતો, આ કામના પ્રતિવાદી નં.૧ એ આંક–૭૧ થી રજુ કરેલ સાક્ષી લીસ્ટમાં હાલની અરજીમાં દર્શાવેલા સાક્ષીને દર્શાવેલા નથી તે સ્પષ્ટ છે. વધુમાં તે સાક્ષીને શા માટે લીસ્ટમાં દર્શાવેલા ન હતા તે અંગેનું કોઈ કારણ પણ હાલની અરજીમાં દર્શાવેલ નથી, પરંતુ ટ્રાયલના આ તબકકે કે જયારે આ કોર્ટ દ્રારા પ્રતિવાદી નં.૧ દ્રારા માર્ક ૪૧/૧૫ થી ૪૧/૧૯ થી રજુ દસ્તાવેજોને પુરાવા અધિનીયમની જોગવાઈ મુજબ પુરવાર કરવાની શરતે આંક આપવાનો

હુકમ કર્યા બાદના તબકકે તેવા સાક્ષીને તપાસવા કેવી રીતે અનિવાર્ય છે તે અંગેના પુરતા કારણો દર્શાવેલા છે. આ કામના પ્રતિવાદી નં.૧ દ્રારા આંક-૭૧ ના લીસ્ટથી રજુ દસ્તાવેજોને આંકે પાડવા આપવામાં આવેલી અરજી અંતર્ગત આ કોર્ટ દ્રારા હુકમ કરીને માર્ક ૭૧/૧૫ થી ૭૧/૧૯ ના દસ્તાવેજોને પુરાવા અધિનીયમની જોગવાઈ મુજબ પુરવાર કરવાની શરતે આંક આપવા હુકમ કરવામાં આવ્યો છે ત્યારે તે દસ્તાવેજોને પુરાવા અધિનીયમની જોગવાઈ મુજબ પુરવાર કરવા પ્રતિવાદી નં.૧ ને તક આપવી ઉચીત છે, કારણ કે એક તરફ સદર દસ્તાવેજોને પુરાવા અધિનીયમ મુજબ પરવાર કરવાની શરતે આંક આપવાનો કોર્ટ દ્રારા હુકમ કરવામાં આવે અને બીજી તરફ પુરાવાનો બોજો જે પક્ષકાર પર હોય તે પક્ષકારને તે દસ્તાવેજ પુરવાર કરવા તક આપવા યોગ્ય સાક્ષી તપાસવા પરવાનગી આપવામાં ન આવે તે ન્યાયીક નથી.

વધુમાં માર્ક ૭૧/૧૫ થી ૭૧/૧૯ ના દસ્તાવેજો પ્રતિવાદી નં.૧ દ્રારા પ્રતિવાદી નં.ર કચેરીમાં કરવામાં આવેલી આઈ.ટી.આઈ અરજી અને તેના જવાબ અંગેના દસ્તાવેજો છે, ત્યારે તે દસ્તાવેજો કાયદા મુજબ સરકારી કચેરીમાં રાખવામાં આવતા રેકર્ડનો ભાગ છે ત્યારે પ્રતિવાદી નં.૧ આવા દસ્તાવેજો ની જે તે કચેરીમાંથી પ્રમાણીત નકલ રજુ કરે તો પણ તે દસ્તાવેજો ને આંક આપીને પુરાવામાં વંચાણે લઈ શકાય છે. તે સીવાય આવા દસ્તાવેજના ઓથોરને તપાસીને પણ તે દસ્તાવેજ પુરવાર કરી શકાય છે. પરંતુ હાલના કેસમાં જો માત્ર માર્ક ૭૧/૧૫ થી ૭૧/૧૯ ના દસ્તાવેજોની પ્રમાણીત નકલો રજુ કરવા હુકમ કરીને આંક આપી દેવામાં આવેતો, વાદીએ રજુ કરેલ પરવાનગી અરજી અને પ્રતિવાદી એ રજુ કરેલ આર.ટી.આઈના જવાબ (કે તે તારીખે કોઈ પરવાનગી અપાયેલી નથી) તે અસ્પષ્ટતા તેમની તેમજ રેકર્ડ પર રહે તેમ છે. જેથી તે અસ્પષ્ટતા દુર થાય તે માટે પણ હાલની અરજીમાં દર્શાવેલા સાક્ષીને તપાસીને વાદી અને પ્રતિવાદીઓ બન્ને પક્ષને ઉલટ તપાસ કરવાની તક આપવામાં આવે તોજ તે અસ્પષ્ટતા દુર થાય તેમ

છે. જેથી માર્ક ૪૧/૧૫ થી ૪૧/૧૯ ના દસ્તાવેજની ખરી નકલ રજુ કરી આંક આપવા કરતા પ્રતિવાદી નં.૧ ની માંગણી મુજબ સાક્ષી તપાસી તે અંગેની યોગ્ય સ્પષ્ટતા રેકડ પર આવે તે વધુ ન્યાયીક અને ઉચીત જણાય છે, અને તેથી કોઈ પક્ષકારને પ્રેઝયુડાઈસ થાય તેમ નથી. જેથી હાલની અરજીમાં દર્શાવેલ સાક્ષીને ભલે આંક–૭૧ ના લીસ્ટમાં દર્શાવેલા ન હોય તેમ છતા, માર્ક ૪૧/૧૫ થી ૪૧/૧૯ ના દસ્તાવેજોને પુરવાર કરવાની શરતે કામચલાઉ આંક આપવા થયેલા હુકમ બાદ ઉત્પન્ન થયેલા સંજોગો ધ્યાને લેતા અરજીમાં દર્શાવેલા સાક્ષીને તપાસવા પરવાનગી આપવી બન્ને પક્ષકારોનું હીત ધ્યાને લેતા ઉચીત અને ન્યાયીક જણાય છે.

**(૪.૨)** ત્યાર બાદ વાદીની બીજી દલીલ કે, દાવામાં માંગવામાં આવેલી દાદ થી બહાર જઈને ઈકવીટી ધ્યાને લઈ શકાય નહી તે દલીલ સાથે આ કોર્ટ સંમત થાય છે. પરંતુ હાલના કેસમાં અગાઉ ચર્ચા કરી તે મુજબ વાદીના દાવાની એક પ્લી ઈઝમેન્ટરી રાઈટના ભંગની છે ત્યારે તે ઈઝમેન્ટરી રાઈટ વાદી પક્ષના યોગ્ય અને કાયદેસરના કુત્યથી પ્રાપ્ત થયેલ છે કે કેમ તે કોર્ટે ધ્યાને લેવાનું છે. તેમજ આ કામના પ્રતિવાદીએ સ્પષ્ટ બચાવ લીધેલો છે કે વાદીનું બાંધકામ પણ કાયદેસર નથી અને વાદી ચોખ્ખા હાથે આવેલા નથી તેથી સમન્યાયની દાદ મેળવવા હકદાર નથી ત્યારે સમન્યાયની દાદ અંગે નિર્ણય કરવા માટે વાદીનું કુત્ય પણ ધ્યાને લેવાનું છે. જેથી વાદીની તરફેણમાં ઈકવીટી નથી તેવુ પ્રર્થમથી ચેલેન્જ છે અને દાવાના આખરી નિર્ણય માટે અને વાદી દ્વારા માંગવામાં આવેલી ઈઝમેન્ટરી રાઈટના કારણે કોઈ દાદ આપવી ઉચીત છે કે કેમ તેનો કોર્ટે નિર્ણય કરવાનો છે. જેથી તે ઈકવીટી હાલના દાવા માં દર્શાવેલા દાવાના કારણ થી બહાર જતી કે માંગવામાં આવેલી દાદથી બહાર જતી નથી. જેથી વાદી પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલો ચુકાદો હાલના કેસમાં વાદીની દલીલને મદદરૂપ થઈ શકે તેમ નથી.

(૪.૩) ત્યાર બાદ પ્રતિવાદી નં.ર દ્રારા એવા વાંધા લેવામાં આવેલા છે કે, આ કામના પ્રતિવાદી નં.૧ એ અગાઉ પણ પ્રતિવાદી નં.ર સંસ્થાના કર્મચારીને તપાસેલા છે જેથી વારંવાર પ્રતિવાદી નં.ર સંસ્થાના કર્મચારીને તપાસવા પરવાનગી આપવી જોઈએ નહી. પ્રતિવાદી નં.ર ની આ દલીલ અંગે વિચાર કરવામાં આવે તો, આ કામના પ્રતિવાદી નં.૧ દ્રારા પ્રતિવાદી નં.ર સંસ્થાના અગાઉ જે સાક્ષી તપાસવામાં આવેલા હતા તે ઓથોરીટી અને હાલની અરજી દ્રારા પ્રતિવાદી નં.ર સંસ્થાના જે સાક્ષીને તપાસવા માંગે છે તે બન્ને ઓથોરીટી અલગ-અલગ છે. જેથી એકજ સંસ્થામાં ફરજ બજાવતી બે અલગ અલગ ઓથોરીટીનું કાર્યક્ષેત્ર અલગ અલગ હોય અને બીજાના કાર્યક્ષેત્રમાં આવતી બાબત અંગે પ્રર્થમ ઓથોરીટી પુરાવો ન આપી શકે ત્યારે બન્નેને તપાસવા સામે કોઈ બાધ નથી. તે સિવાય કોઈ સાક્ષીને અગાઉ તપાસ્યા બાદ કોઈ પણ સંજોગોમાં તેને બીજી વાર તપાસી શકાય નહી તેવુ કાયદો ફરમાવતો નથી. પ્રતિવાદી નં.૧ દ્રારા અગાઉ પ્રતિવાદી નં.ર સંસ્થાના જે સાક્ષીને તપાસવામાં આવેલા હતા તે પ્રતિવાદી નં.૧ નું બાધંકામ કાયદેસરનું છે તે પુરવાર કરવાના કારણ માત્રથી તપાસવમાં આવેલા હતા. જયારે હાલના સાક્ષીને વાદીનુ બાંધકામ પરવાનગી સિવાયનું છે તે પુરવાર કરવા મેળવેલ માહીતી અધિકારની અરજીના અનુસંધાને મળેલી માહીતી પુરવાર કરવાના હેતુથી છે. તેમજ તે બન્ને ઓથોરીટી પણ અલગ અલગ છે. જે ઘ્યાને લેતા પ્રતિવાદી નં.ર ની દલીલ માન્ય કરી શકાય તેમ નથી.

આમ, ઉપરોકત તમામ ચર્ચા ઘ્યાને લેતા અરજીમાં દર્શાવેલા સાક્ષી હાલના દાવાના યોગ્ય ન્યાયીક નિર્ણય માટે સુસંગત છે, તેઓને તપાસવાથી રેકર્ડ પર રહેલ બે વિસંગત પુરાવાઓ અંગે યોગ્ય સ્પષ્ટતા થઈ શકે તેમ છે, તેનાથી યોગ્ય અને સાચો

ન્યાય થાય તેમ છે, આવા સાક્ષી તપાસવાથી કોઈ પક્ષકારને કોઈ પ્રેઝયુટાઈસ થાય તેમ નથી. જે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

હાલની અરજી **અંશત: મંજુર** કરવામાં આવે છે.

અરજીમાં દર્શાવેલા સાહેદ **જાહેર માહીતી અધિકારી શ્રી, મહાનગર પાલીકા, જુનાગઢ**ને રેકર્ડ પર **માર્ક ૪૧/૧૫ થી ૪૧/૧૯ થી રજુ દસ્તાવેજોની પ્રમાણીત નકલ સાથે તે દસ્તાવેજો ની વિગત અંગે પુરાવો આપવા માટે** કોર્ટ સમક્ષ હાજર રહેવા સમન્સ કરવાનો હુકમ કરવામાં આવે છે. સદર સાક્ષીને કયા દસ્તાવેજો અંગે પુરાવો રજુ કરવાનો છે તે અંગે તેઓને સરળતા રહે તે માટે હાલની અરજીની નકલ અને માર્ક ૪૧/૧૫ થી ૪૧/૧૯ ના દસ્તાવેજોની નકલ સમન્સ સાથે સાક્ષીને મોકલવા હુકમ કરવામાં આવે છે.

સદર સાક્ષીને ભાડા-ભથ્થા અને ખર્ચ પેટે પ્રતિવાદી નં.૧ નાએ રૂ.૫૦૦/- ચુકવી આપવા.

હુકમ આજરોજ **તા.૧૦ મી ફેબ્રુઆરી ૨૦૨૨** ના રોજ ખુલ્લી કોર્ટમાં જાહેર કર્યો.

તારીખ:- ૧૦/૦૨/૨૨
સ્થળ :- જુનાગઢ

**(મિહિરદેવસિંહ ઝાલા)**
મુખ્ય સીનીયર સીવીલ જજ
જુનાગઢ
જીજે ૦૦૮૦૯

M.J.Zala
Pri.S.C.J,Junagadh